રજૂ તારીખ : ૧૩/૦૪/૨૦૧૯

દાખલ તારીખ : ૧૩/૦૩/૨૦૧૯

જજમેન્ટ તારીખ : ૧૪/૦૫/૨૦૨૪

અ વ ધિ : વર્ષ–૦૫ માસ–૦૧ દિવસ–૦૧

ગાંધીનગરના મહે. ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી (સી.કે.પીપલીયા) સાહેબની કોર્ટમાં, મુ. ગાંધીનગર.

ફોજદારી કેસ નં. :૩૫૧૮/૨૦૧૯
આંક :

ગીરીશભાઈ લાલસીંહ ભદોરીયા
રહે. ૬૩,આદીનાથ સોસાયટી,
મોટેરા રોડ, મોટેરા, અમદાવાદ :::: ફરિયાદી

–: વિરૂધ્ધ :–

સંદીપ સોહનલાલ બુર
રહે. ૧૧૩૨, ચંદનવિલા,સત્યનારાયણ
સોસાયટી, રામનગર, સાબરમતી અમદાવાદ
:::: આરોપી

વિષય : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ

ફરીયાદપક્ષે વિધ્વાન વ. શ્રી આર.આર.પાઠક

આરોપીપક્ષે વિધ્વાન વ.શ્રી એસ.એમ.પ્રેમ

// ચૂ કા દો //

(૧).. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી લેડીસનો રેડીમેડ કાપડનો વેપાર ધંધો કરે છે. તેમજ આરોપી વેપાર ધંધામાં મુડી રોકાણ કરવા સારૂ તેમજ બજારમાં થઈ ગયેલ સામાજીક દેવુ ભરપાઈ કરવા સારૂ આરોપીએ અમો ફરીયાદી પાસેથી રૂા. ૫,૦૦,૦૦૦/– ની માંગણી કરતા અમો ફરીયાદીએ આરોપીને અમારી બેંક માં જમા રહેલ રકમ ઉપાડીને તેમજ અમો ફરીયાદીએ અમારી પત્ની નામે દીપીકાબેન ગીરીશકુમાર ભદોરીયાના બેંક ખાતામાંથી રકમ ઉપાડીને આરોપીને જયાં અને જયારે જરૂર પડી ત્યારે તા.૧૪/૦૯/૧૮ થી તા.૧૬/૧૦/૧૮ સુધીમાં અલગ અલગ સમયે આરોપીની જરૂરીયાત મુજબ અમો ફરીયાદી તેમજ અમો ફરીયાદીની પત્નીએ અમારી બેંકમાંથી રકમ ઉપાડીને આરોપીને કુલ રૂા. ૪,૨૦,૦૦૦/– તેમજ તા. ૨૧/૧૧/૧૮ ના રોજ રૂા.૮૦,૦૦૦/– રોકડા આમ કુલ રૂા. ૫,૦૦,૦૦૦/– પુરા આરોપીને અમો ફરીયાદીએ આપેલા. જે રકમનો આરોપીએ સ્વીકાર કરીને અમો ફરીયાદીને તા.૨૧/૧૧/૧૮ ના રોજ એક પ્રોમીસરી નોટ રૂા. ૫,૦૦,૦૦૦/– ની જરૂરી વિગતો ભરીને રેવન્યુ ટીકીટ ઉપર સહી કરીને લખી આપેલ છે. તેમજ આરોપીએ અમો ફરીયાદી પાસેથી તેમની જરૂરીયાત મુજબ અવાર નવાર લીધેલ રકમ કુલ રૂા.૫,૦૦,૦૦૦/– સંદર્ભે આરોપીએ તેમની બેંક યુકો બેંક સાબરમતી શાખા આઈ.એફ.એસ.સી. : યુસીબીએ૦૦૦૧૦૨૬ નો ખાતા નં.૧૦૨૬૧૧૦૦૦૫૪૦૮ માંથી ચેક નં. ૦૦૦૦૨૩ નો તા.૨૬/૦૩/૧૯ ના રોજનો આરોપીએ ચેક જરૂરી વિગતો અમો ફરીયાદીના ઈસ્ટમિત્ર નામે વિમલકુમાર નારણભાઈ પટેલ દવારા ભરાવડાવી અમો ફરીયાદીને સદર ચેક લીધેલ રકમ રૂા. ૫,૦૦,૦૦૦/– ચુકવવા સારૂ જરૂરી વિગતો ભરાવડાવીને સહી કરીને લખી આપેલ. જ સદર ચેકનો અમો ફરીયાદીએ તા.૨૧/૧૧/૧૮ ના રોજ સહજ રીતે સ્વીકાર કરેલ. આમ આરોપીએ અમો ફરીયાદીને આપેલ ચેક અમો ફરીયાદીએ ચેકની નિયત તારીખે અમારી બેંક બેંક ઓફ બરોડા મોટેરા શાખાના ખાતા નં. ૩૦૯૩૦૧૦૦૦૧૦૨૪૮ માં તા. ૨૬/૦૩/૧૯ ના રોજ જમા કરાવતા સદર ચેક તા. ૨૭/૦૩/૧૯ ના રોજ ''પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર'' ના શેરા સાથે પરત આવતા અમારા અસલને ખૂબન આઘાત લાગેલ. આમ,

આરોપીએ ઉપરોકત વિગતનો ચેક બેંકમાં ભરાવડાવી, પરત કરાવડાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજનો ગુનો કરેલ છે અને પોતાના બેંક ખાતામાં પુરતુ ભંડોળ ન હોવા છતાં અમો ફરીયાદીને લેણી રકમ પેટે ઉપરોકત ચેક આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે. જેથી અમો ફરીયાદીએ આરોપીને તા.૦૫/૦૪/૧૯ ના રોજ રજી.એડી.દવારા આરોપીના રહેઠાણના સરનામે માંગણા નોટીસ અમારા વકીલ દવારા મોકલાવેલ જે નોટીસ કવર આરોપીને તેઓના રહેઠાણના સરનામેથી તા.૦૬/૦૪/૧૯ ના રોજ રીફયુશ ના શેરા સાથે પરત ફરેલ છે તેમ છતાંય આરોપીએ આજદી સંઘી નોટીસમાં જણાવ્યા પ્રમાણેનું કોઈ વર્તન કરેલ નથી કે અમો ફરીયાદીની લેણી રકમ અમોને ચુકવેલ નથી. જેથી સદર ફરીયાદ આપ નામ.કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૨)... વધુમા ફરીયાદીએ જણાવેલ છે કે ફરીયાદીની બેંન્ક નામદાર કોર્ટની હકુમતમાં આવતી હોઈ તેમજ ફરીયાદ મુજબનો સમગ્ર વ્યવહાર આપ નામદાર કોર્ટની હુકમતમાં જ થયેલ હોઈ, આ ફરીયાદ માટેનું કારણ નામદાર કોર્ટની સ્થાનીક હકુમતમાં ઉત્પન્ન થયેલ છે. તેથી આ ફરીયાદ સાંભળવાની નામદાર કોર્ટને હકુમત છે તેમ જણાવી સદરહુ આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ કાર્યવાહી કરી આરોપીને દોષિત ઠેરવવા તથા ફરીયાદીને ચેકની રકમ વળતર પેટે ચુકવી આપવા હુકમ કરવા દાદ માગેલ છે.

(૩).. ફરીયાદીએ ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકત વાળી, ફરીયાદ રજુ કરતાં તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રી દવારા ફરીયાદીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૦ અન્વયેનું સોગંદ ઉપર વેરીફીકેશન નોંધી, ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૪).. સદરહુ ફરીયાદનુ રેકર્ડ તથા રોજકામ ઘ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો આંક–૧૪ થી જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૫).. આરોપી સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે, નિચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

::: મૌખિક પુરાવો :::

અ.નં.	મૌખિક પુરાવો	આંક
૧	ગીરીશભાઈ લાલસીંહ ભદોરીયા નુ સોગંદનામું	૪

::: દસ્તાવેજી પૂરાવો :::

અ.નં.	દસ્તાવેજી પુરાવો	આંક
૧.	અસલ પ્રોમીસરી નોટ	૨૩
૨.	અસલ ચેક નં–૦૦૦૦૨૩	૨૪
૩.	બેંકમાં ભરેલ કાઉન્ટરની સ્લીપ અસલ	૨૫
૪.	અસલ ચેક રીર્ટન મેમો	૨૬
૫.	અસલ માંગણા નોટીસ	૨૭
૬.	આરોપીને રહેઠાણના સરનામે મોકલેલ અસલ રજી.એડી.સ્લીપ	૨૮
૭.	પરત આવેલ નોટીસનો કવર અસલ	૨૯

(૬) હાલના કામે ફરિયાદી દવારા આંક– ૩૨ થી પુરાવો બંધ થયાનુ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ચેકનો દુરુપયોગ થયેલ હોવાનું જણાવેલ છે અને તેઓને વ્યકિતગત નોટીસ મળેલ ન હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓએ ચેક આપેલ ન હોવાનું જણાવેલ છે અને તેમના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં આરોપીએ તેઓ સોગંદ પર જુબાની આપવા માંગતા હોઈ અને બચાવના સાહેદ તપાસવા માંગતા હોઈ તેમ જણાવેલ છે અને તે મુજબ આરોપી દવારા હાલના કામે આંક–૩૮ થી સરતપાસની જુબાની રજુ કરેલ છે અને ત્યારબાદ આંક–૪૮ થી પુરાવો બંધ થયાનું જાહેર કરેલ છે.

ત્યારબાદ ફરિયાદી તરફે આંક–૪૯ થી લેખિત દલીલ રજુ કરવામા આવેલ છે અને વિ.વ.શ્રી આર.આર. પાઠકે દલીલમાં જણાવેલ છે કે આરોપી દવારા ચેકની સહી અને પ્રોમીસરી નોટમાં કરેલ સહી બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ ન હોય અને આરોપીએ આંક–૨૭ ની નોટીસ પણ રીફયુજ કરેલ હોય એ બાબત રેકર્ડ પર આવેલ હોય જેથી સમગ્ર પુરાવા આધારે આરોપીએ જાણીબુજી સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોઈ આ સંજોગોમાં આરોપીએ આપેલ ચેક અને પ્રોમીસરી નોટ આધારે કલમ–૧૩૯ મુજબના પ્રીમજનસનનો ફરીયાદીને લાભ મળવો જોઈએ તેમ જણાવી આરોપીને દોષિત ઠરાવવા દલીલ કરેલ છે. આરોપી તરફે આંક–૫૦ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી.

આરોપીના વિ.વ.શ્રી એસ.એમ.પ્રેમનાઓએ દલીલ કરી જણાવેલ છે કે આરોપી દવારા માત્ર રૂા. ૩,૦૦,૦૦૦/– લેવામા આવેલ હતા અને પાછળથી રૂા. ૮૦,૦૦૦/– પણ વ્યાજ ચુકવેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે વધુમાં ફરીયાદીએ તેમનુ એકાઉન્ટ રજુ કરવા ના પાડેલી છે અને આરોપીની સરતપાસનું કોઈ ડીનાયલ લીધુ નથી તેમ જણાવી આરોપીનો બચાવ રેકર્ડ આધારે ફરીયાદીનુ કાયદેસરનું લેણુ ન હતુ તેમ સાબિત કરે છે અને ફરીયાદી આરોપી પાસે ચેક મુજબની રકમ મેળવવા હકકદાર ન હોવાનુ જણાવી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા

દલીલ કરેલ છે. વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે જે માનસર વંચાણે લીધા.

(૧) સુપ્રીમ કોર્ટ કેસીસ ૨૦૧૫(૨) ૭૨૭ યુનીયન ઓફ ઈન્ડિયા વિ.બી.યશોદાબાઇ તથા અન્ય. સદર ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર બંધારણના આર્ટીકલ ૧ ૪૧ ની જોગવાઈ મુજબ નામદાર સુપ્રીમ કોર્ટ દવારા આપવામાં આવેલ આદેશોએ તાબાની તમામ અદાલતો (હાઈકોર્ટ સહીતને) બંધનકર્તા છે તે આદેશો જયાં સુધી નામદાર સુપ્રીમ કોર્ટ દવારા તેને ઉલટાવવામાં ન આવે ત્યાં સુધી એનુ પાલન કરવુ ફરજીયાત છે.

(૨) સીવીલ અપીલ નં.૫૨૩૯/૨૦૦૨ દાલીપસીંગ વિ.સ્ટેટ ઓફ યુ.પી. તથા અન્ય. સદર ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર ઘણી સદીઓથી ભારતીય સમાજ સત્ય અને અહીંસાના પાયાના સિધ્ધાંતો ઉપર આધારીત છે. મહાવીર મહાત્મા ગૌતમ બુધ્ધ અને ગાંધીજી દવારા આવા સિધ્ધાંતોને રોજબરોજના વ્યવહારમાં ઉપયોગ કરવાની વારંવાર સલાહ આપવામાં આવેલ છે. ન્યાય વિતરણ કરવાની પ્રણાલીમાં પણ સત્યનું મહત્વ રહેલુ છે. પરંતુ સમયના પ્રવાહ સાથે અદાલતોમાં ખોટા આક્ષેપો જુઠાણુ ખોટી રજુઆતો મહત્વની બાબતો છુપાવવી વિગેરે હકીકતો છેલ્લા ચાલીસ વર્ષના સમયગાળામાં અમાર્યાદિત પ્રમાણે વધે છે. આવા પક્ષકારોને સત્ય પ્રત્યે કોઈ આદર નથી. તેઓ બે–શરમી રીતે જુઠાણું અને અનૈતિક રીતે તેઓનો ધ્યેય સિધ્ધ કરવામાં જરાય ખચકાટ અનુભવતા નથી. આવા પક્ષકારોને પહોંચી વળવા માટે અદાલતે સમયાંતરે જુદા જુદા નિયમો ઘડવા પડે છે. જે પક્ષકાર ન્યાયના પવિત્ર વાતાવરણને અનૈતિકતા અને જુઠાણાના આધારે ન્યાયતંત્રને દુષિત કરવાનો પ્રયત્ન કરશે તો આવી વ્યકિત અદાલત પાસેથી મુખ્ય વચગાળાની કે અંતિમ કોઈપણ પ્ર કારની મદદ મેળવવા કાયદેસર રીતે હકદાર રહેશે નહીં.

(૩) ૨૦૨૧ (૨) ડી.સી.આર.૩૪૨ દિલાવરસિંહ ઝાલા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત. સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટના જણાવ્યા મુજબ ફરીયાદીએ આરોપી

સાથેનો સમગ્ર વ્યવહાર પુરવાર કરવો જોઈએ. તેઓએ તેમના બેંક ખાતાના ઉતારા અને બુકસ ઓફ એકાઉન્ટ રજુ કરવા જોઈએ. આવા પુરાવાની ગેરહાજરીમાં ફરીયાદીની વિરૂધ્ધનું અનુમાન દોરાશે.

(૪) ૨૦૦૯ ક્રિ.લૉ.જ.૨૭૭૭ સંજય મિશ્રા વિરૂધ્ધ કનીષ્કા કપુરના ચુકાદામાં નામદાર બોમ્બે હાઈકોર્ટના જણાવ્યા મુજબ ફરીયાદીએ આરોપીને મોટી રકમના નાણાં ઉછીના આપેલ હોય અને તે રકમ ફરીયાદીએ તેમના આવકવેરા રીટર્નમાં દર્શાવેલ ન હોઈ તો આવુ લ્હેણુ કાયદેસર વસુલી શકાય તેવા લ્હેણાની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતુ નથી.

(૫) ૨૦૧૯(૨) જી.એસ.એચ.પેજ નં.૧૯ બસલંગઅપ્પા વિરૂધ્ધ મુદીબસપ્પાના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટના જણાવ્યા મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ એન ૧૩૯ ના અનુમાન વિષે વિગતવાર ચર્ચા કરેલ છે. સદર ચુકાદામાં જણાવ્યા પ્રમાણે બચાવ પક્ષને કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે બચાવપક્ષે પ્રેપોન્ડ્રરન્સ આંક પ્રોબેબીલીટી(બનાવવાની સંભવીતતા) વિષે જણાવવામાં આવે છે. જેમાં જણાવ્યા મુજબ આરોપી પોતાની વિરૂધ્ધ ઉભા થયેલ અનુમાનનું ખંડન કરવા માટે ફરીયાદી દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાનો આધાર લઈ શકે છે.

(૬) ક્રિ.અ.નં.૧૯૭૮/૨૦૨૩ સુપ્રીમ કોર્ટ રાજારામ વિ.મરૂથાચલમ. સદર ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટ દવારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮(એ) અને ૧ ૩૯ ના અનુમાન અંગે વિગતવાર ચર્ચા કરેલ છે. સદર ચુકાદામાં જણાવ્યા મુજબ ફરીયાદી પોતે મોટી રકમ ઉછીની આપતા હોઈ અને તે રકમ તેમના આવક વેરા રીટર્નમાં દર્શાવતા ન હોય તે સંજોગોમાં તેઓ પાસે તેટલી રકમ હતી તેવુ કહી શકાય નહીં. નામદાર ટ્રાયલ કોર્ટના નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમને નામદાર સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યું હતુ.

(૭) ૨૦૦૦(૧) ક્રાઈમ્સ ૨૦૭ સુપ્રીમ કોર્ટ સુમન શેટ્ટી વિ.અજય કેચુરીવાળ. સદર ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(બી) અન્વયે નોટીસ આપતા સમયે ચેક પરત થયેલ હોય તે ચોકકસ

રકમની ડીમાન્ડ કરવી આવશ્યક છે. આવી ચોકકસ રકમની માંગણીની ગેરહાજરીમાં નોટીસ ગેરકાયદેસર ઠરે છે. અને ૧૩૮(બી) ના પાલનના અભાવે એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પરીપૂર્ણ થતો નથી. ચેક પરત ફરેલ હોવા છતાં ને.ઈ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બનેલ હોવાનું કહી શકાય નહીં. આમ એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો પુરવાર કરવા માટેના પ્રાથમીક આવશ્યક તત્વોનું પાલન કરવામાં ફરીયાદી નિષ્ફળ ગયેલ છે.

(૮) ક્રિ.અ.નં.૧૩૯/૨૦૦૯ બોમ્બે હાઈકોર્ટ. અનિલ બાબુરાવ કટારીયા વિ. પરસોતમ પ્રભાકર. સદર ચુકાદામાં નામદાર બોમ્બે હાઈકોર્ટનાં જણાવ્યા મુજબ ફરીયાદી બોમ્બે મની લેન્ડર્સ એકટ ૧૯૪૬ ની કલમ ૫ અન્વયે કાયદેસરનું લાયસન્સ ધરાવતા ન હોઈ તો તેઓ નામદાર કોર્ટ પાસેથી કોઈપણ પ્રકારની સહાય મેળવવા કાયદેસર રીતે હકદાર નથી. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કે કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવું લ્હેણું ફરીયાદી જે નાણાંનુ ધીરાણ કરે છે તે ધીરાણ કરવા માટે તેઓ કાઈ કાયદેસરનું લાયસન્સ ધરાવતા ન હોઈ તો તેઓ આ કાયદા હેઠળ કોઈપણ પ્રકારની સહાયતા મેળવવા કાયદેસર રીતે હકદાર નથી.

(૯) સુપ્રીમ કોર્ટ કેસીસ ૨૦૧૬(૧૪) ૧૫૧ સ્ટેટ ઓફ ગુજરાતણ વિરૂધ્ધ જયરામભાઈ પુંજાભાઈ વિરૂધ્ધ. સદર ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટના જણાવ્યા મુજબ ફોજદારી કાયદાના સિધ્ધાંત અનુસાર ફરીયાદપક્ષે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ. ન્યાય પ્રણાલીના સિધ્ધાંત મુજબ જયારે બે ચિત્રોઉભા થતા હોય એક આરોપીને દોષિત ઠરાવતો અને બીજો આરોપીને નિર્દોષ ઠરાવતો તે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવતુ ચિત્ર સ્વીકારવાનું રહે.

(૭). ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ તથા

બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા સદરહુ ફરીયાદના ન્યાય નિર્ણય માટે નિચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.:–

:::–– મુદ્દાઓ ––:::

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણીપેટે ફરીયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

(૯).. સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. જેના તત્વો નીચે મુજબ છે.

➢ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો :–**

૧) આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

➢ <u>**ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો :–**</u>

કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત....

એથી વિરૂઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ અને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં

આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

ખ) **<u>તારીખ વિશે :–</u>**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

ગ) **<u>સ્વીકારવાના સમય વિશે :–</u>**

સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

ઘ) **<u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

ચ) **<u>શેરાઓના ક્રમ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

જ) **<u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

➢ **<u>કલમ–૧૩૮ – ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–</u>**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૧૦).. સદરહુ કેસમાં આંક–૦૪ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧ ૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો લેખીત પુરાવો રજુ કરેલ છે. આંક–૦૪ ના ફરીયાદીનો લેખીત પુરાવો ધ્યાને લેતા તથા ફરીયાદવાળા આંક–૨૪ વાળા ચેક અંગેનો આરોપીની બેન્કનો આંક– ૨૬ વાળા રીર્ટન મેમો ધ્યાને લેતા આંક–૨૪ વાળો ચેક''પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર'' ના શેરા સાથે પરત આવેલ છે. ફરીયાદવાળો આંક–૨૪ વાળો ચેક રીર્ટન આવ્યા બાબતનો ''પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર'' નો શેરો ધ્યાને લેતા ફરીયાદવાળો આંક–૨૪ વાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે. આ ઉપરાંત આંક–૨૪ વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવો કોઈ બચાવ નથી. અને સદરહુ ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો હોવાનુ રેકર્ડ પર ફલીત થાય છે. આમ, સદરહુ ફરીયાદના કામમાં ફરીયાદીનો આંક–૦૪ નો લેખીત પુરાવો ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતાં અને ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની ઉપરોકત મુલવણી મુજબ ફરીયાદપક્ષ ફરીયાદવાળો આંક–૨૪ વાળો ચેક બાબતે એકઝીકયુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત ઉપરોકત જણાવેલ ***મંગુભાઈ મનસુખરામ પંડયા વિરૂધ્ધ પ્રાણજીવન ત્રીભોવનદાસ પુરોહીત (૧૯૯૧(૨) જી.એલ.એચ.–૬૫)*** ના ચુકાદામાં જણાવેલ હકીકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમીક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઈ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની

તરફેણમાં આવે છે અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

(૧૧).. સદરહુ ફરીયાદના કામમાં ઉપર પેરેગ્રાફ નંબર ૦૯ માં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરીયાદના કામમાં બંને પક્ષકારો દવારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નકકી કરવાનું રહે કે, શું આરોપી પક્ષ તેઓના ઉપરોકત પેરેગ્રાફ નંબર–૦૯ માં જણાવેલ બચાવ આધારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહીં?

(૧૨).. આ મુદ્દાઓનો ન્યાયીક નીર્ણય લેવા માટે નામદાર વડી અદાલત અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેવા જરૂરી બને છે.

(૧૨.૧) In the matter between M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH page No.365, Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a

presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between Mangubhai Mansukhram pandya V/s Pranjivan Tribovandas purohit, reported in 1991(2) GLH page no.65 Hon'ble Gujrat High Court has held that, Section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.
- Onus of proof that there was no consideration is on the defendant.
- Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

(૧૨.૨) નામદાર સુપ્રિમ કોર્ટે ભારત બેરલ એન્ડ ડમ મેન્યુફેકચરીંગ કંપની વિરૂધ્ધ અમીનચંદ પ્યારેલાલ, ૧૯૯૯ (૩) એ.સી.સી.૩૫ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its nonexistence was so probable that a prudent man would,under the circumstances of the case, act upon the plea it did not exist." આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટે કે.એન. બીના વિરૂધ્ધ મુનીય પ્પન, ૨૦૦૧ એ.આઈ.આર. સુપ્રિમ કોર્ટ ૨૮૯૫ તથા હીતેન પી. દલાલ વિરૂધ્ધ બ્ર ટીન્દ્રનાથ, ૨૦૦૧(૬) એસ.સી.સી.-૧૬** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on

the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper. આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટના ક્રિશ્ના જનાર્દન ભાટ્ટ વિરૂધ્ધ દત્તાત્રેય જી. હેંગડે (૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ ૧૧૭૨), કે. પ્રકાશન વિરૂધ્ધ પી.કે. સુરેન્દરન (૨૦૦૮(૧) એસ.સી.સી. (ક્રાઈમ્સ) ૨૦૦) તથા રંગપ્પા વિરૂધ્ધ મોહન (એ. આઈ. આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૧૮૯૮)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

(૧૩).. હાલના કામે ફરીયાદપક્ષની દલીલો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદા નં.–૧ ના ન્યાય નિર્ણય માટે કરતાં નીચે મુજબની હકીકતો ફલીત થાય છે.

(૧૪).. આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે કાયદાકીય દ્રષ્ટિથી હાથ ઉપરના કેસનું વિશ્લેષણ કરીએ તો, આ

કામે ફરીયાદીની ફરીયાદ અને સરતપાસ ધ્યાને લઈએ તો, આ કામની ફરીયાદી દવારા આરોપીને પૈસા આપેલ જે પૈસાની કાયદેસરની બાકી લેણી રકમ પેટે આરોપીએ તકરારી ચેક આપેલ છે જે બેંકમાં રજુ થતા પાછો ફરેલ છે જેની નોટીસની આરોપીને જાણ હોવા છતા ચેકની લેણી રકમ ચુકવી ન આપતા હાલની ફરીયાદ કરેલ છે.

(૧૫).. સદરહુ ફરીયાદના કામે આરોપી તરફે ફરીયાદીની આંક–૦૪ ની સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે જે સરતપાસ બાબતે આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા ફરીયાદીએ તેમની ઉલટતપાસમા જણાવેલ છે કે '' હુ ગુજરાતી ભાષામાં ભણુ છુ. મે એસ.વાય. બી.કોમ સુધીનો અભ્યાસ કરેલ છે. હુ જય અંબે ટ્રેડીગ નામની પ્રોપરાઈટર પેઢીથી ધંધો કરુ છુ. આ પેઢી ૫ વર્ષ જૂની છે. આ પેઢી મીની ડીપાર્ટમેન્ટલ સ્ટોર ચલાવે છે. અમો આ પેઢીથી ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓનું વેચાણ કરીએ છીએ. મારા કુટુંબમા ૫ સભ્યો છે. જેમાંથી ૪ સભ્યોો આવક મેળવે છે. અમે બધા સંયુકત કુટુંબમાં રહીએ છીએ. મારા પત્ની દીપીકાબેન ગૃહીણી છે. મારા ઘરના સભ્યોની માસીક આવક એક લાખ ઉપરની છે. જય અંબે ટ્રેડીગના હિસાબો અમો મેઈન્ટેન કરતા નથી.દ પેઢીનુ હુ કોઈ આવક વેરા રીર્ટન ભરતો નથી. એ વાત ખરી નથી કે મારી પોતાની જય અંબે ટ્રડીગ સિવાયની બીજી કોઈ આવક નથી. હું કમીશનથી કામ કરુ છુ, આ ધંધાનુ કોઈ નામ નથી.

સવાલ : તમે શાનુ કમીશનનુ કામ કરો છો.

જવાબ : હુ. ટ્રાન્સપોર્ટ અને કંપની રીજેકટેડ માલનુ ઓકશન હોય, મારા ઉપર બીજા બે માણસો હોય અને તેઓ ખરીદી કરતા હોય તેમની પાસેનો માનલ હુ ગ્રાહક પુરા પાડી વેચાણ કરી આપુ છુ.

આ સિવાય હુ અન્ય કોઈ ધંધો કરતો નથી. હવે હુ કહુ છુ કે આ સિવાય મે ૩ દુકાનો ભાડે આપેલ છે. મારી દરેક મહીનાની આવકનો હુ કોઈ હીસાબ મેઈન્ટેન કરતો નથી. સને–૨૦૧૮ માં મારી માસીક આવક આશરે રૂ.૪૦ થી ૫૦ હજારની હતી. મે જયારથી ધંધો શરૂ કર્યો ત્યારથી આજ સુધી મે મારા નામે કે જય અંબે ટ્રેડીગના નામે કોઈ આવક વેરો

રીર્ટન ભરેલ નથી. મારા ઘરના ૫ સભ્યો પૈકી ૪ સભ્યો જે કમાય છે તેઓએ કોઈ આઈ.ટી.રીટર્ન ભરેલ નથી.

મારે આરોપી સિવાય અન્ય વ્યકિતને ઉછીના નાણા આપવાનો પ્રસંગ બનેલો છે. મેં આશરે કેટલીક વ્યકિતઓને ધીરાણ કર્યુ હશે તે પુછતા જણાવુ છુ કે રેકોર્ડ જોઈને કહી શકુ કે સને–૨૦૧૮ થી ૨૦૨૨ સુધીમાં મે કેટલીક વ્યકિતઓને ધીરાણ કરેલ છે તે હુ રેકોર્ડ જોઈને કહી શકુ છુ. સને ૨૦૧૮ થી ૨૦૨૨ સુધીમાં મે જે વ્યકિતઓને ધીરાણ કરેલુ તે આશરે ૨ થી ૩ વ્યકિતઓ હોઈ શકે. મારો ધંધો ટ્રેડીગનો છે, મારે પ્રોમીસરી નોટ રાખવાની જરૂર નથી. એ વાત ખરી છે કે ફરીયાદ અને તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓથી હુ સંપૂર્ણ પણે માહીતગાર છુ. મને આંક–૨૩ વાળી પ્રોમીસરી નોટ બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તે મે ખરીદ કરેલી નથી. હુ જણાવુ છુ કે આ પ્રોમીસરી નોટ મને આરોપીએ આપેલી.

મારે છેલ્લા ૫ થી ૬ વર્ષ થી ફોજદારી કેસો બાબતે કોર્ટમાં જવાનુ થાય છે. એવી બની શકે કે હુ સને ૨૦૧૩ થી ફોજદારી કેસો બાબતે કોર્ટ સાથે સંકળાયેલો છુ. મેં જે વ્યકિતઓને નાણા ઉછીના આપેલા છે તેવા ઉછીના નાણા આપવા અંગેનો હુ કોઈ પરવાનો ધરાવતો નથી.

એ વાત ખરી છે કે સુચીત વિક્રમભાઈ શાહની વિરૂઘ્ધ નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલી જે અમદવાદ ના મે.મેટ્રોપોલીટન કોર્ટ નં.૩૧ મા દાખલ કરેલી. એ વાત ખરી છે કે સચીન સાગરમલ શાહ વિરૂઘ્ધ નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ મુજબની દાખલ કરેલી. જે અમદવાદ ના મે.મેટ્રોપોલીટન કોર્ટ નં.૪૫ મા દાખલ કરેલી. જે હાલ ચાલુ છે. આ બે સિવાય બેજા ચાર થી પાંચ વ્યકિતઓ છે જેઓની સામે મે નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદો દાખલ કરેલ છે. આ પાંચ વ્યકિતઓના નામ હુ જણાવી શકુ. કેસ નંબર હાલ જણાવુ શકુ નહી. આ પાંચ વ્યકિતઓ નામ. નં. ૧) મનોજ બચુભાઈ રામી, ૨) રમેશ ગોરધનભાઈ કડીયા, ૩) સનત બેધ્ધિસાગર પંચાલ, ૪) અનીલ મોહનદાસ કોળી. મને હાલ આ ચાર નામ યાદ છે. ઉપરોકત વ્યકિતઓ સામે અમદાવાદની કોર્ટમાં કેસો દાખલ

કર્યા છે. આ વ્યકિતઓ સામે કરેલ ફરીયાદો તથા સંલગ્ન દસ્તાવેજો હુ આપ નામદાર કોર્ટમાં રજુ કરવા તૈયાર છુ.

મને એ વાત જાણ નથી કે રૂા. ૨૦ હજાર થી વધારે રકમનો વ્યવહાર રોકડમાં કરવો તે આઇ.ટી.એકટ નીચે ગુનો છે. હુ આંક–૨૩ વાળી નોટીસ પ્રોમીસરી નોટ જોઈને કહુ છુ કે તે તારીખ: ૨૧/૧૧/૨૦૧૮ ના રોજ લખવામાં આવેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ વાળો ચેક પ્રોમીસરી નોટ લખતી વખતે આરોપીએ આપેલો તેવી કોઈ વિગત પ્રોમીસરી નોટમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે જે દિવસે પ્રોમીસરી નોટ લખવામાં આવી તે દિવસે ફરીયાદ વાળો ચેક ઈશ્યુ કરવામાં આવેલો નહી. આ કામના આરોપીને પ્રથમ વખત ધીરાણ કરેલુ છે. મને ગુજરાતી લખતા વાચતા આવડે છે. પ્રોમીસરી નોટ મે લખેલ નથી. હુ બેન્ક પાસબુક જોઈને કહી શકુ કે પ્રથમ વાર આરોપીને નાણા કયારે આપ્યા. મે ફરીયાદમાં આરોપીને ટુકડે ટુકડે નાણા આપેલાનું જણાવેલ છે. તે કયારથી નાણા આપવાના શરૂ કર્યા અને કયારે પુરા કર્યા તે બેન્કની પાસબુક જોઈને કહી શકુ. આ નાણા મારા પર્સનલ ખાતામાંથી આપેલા છે. મે આરોપીને ૪ થી ૫ ટુકડામાં નાણા આપેલા છે. આ પ્રોમીસરી નોટ બધા ટુકડા પતી ગયા પછી લખાવેલી. એ વાત ખરી છે કે છેલ્લા ટુકડા અગાઉના ટુકડાઓ આપતી વખતે મે આરોપીની પ્રોમીસરી નોટમાં કોઈ સહી કરાવેલી નહીં.

એ વાત ખરી છે કે મારી વિરૂધ્ધ આરોપીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો કલમ–૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ તથા મની લેન્ડરીંગ એકટ હેઠળ ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે આ ફરીયાદમાં મારા પત્ની દીપીકા બેન અને વીમલભાઈ પટેલનુ નામ પણ છે. એ વાત ખરી નથી કે અમોએ આરોપીને તા.૧૦/૧૦/૧૮ ના રોજ રૂા.એક લાખ, તા.૨૦/૧૦/૧૮ ના રોજ એક લાખ તથા તા. ૨૭/૧૦/૧૮ ના રોજ એક લાખ એમ કુલ ૩ લાખ નુ ધીરાણ કરેલ છે. એ વાત ખરી નથી કે આ પ્રત્યેક એક લાખના ધીરાણમાં રૂા.૮૫ હજાર મુડી અમો ચુકવતા હતા અને રૂા. ૧૫ હજાર વ્યાજના કાપી લેતા હતા. એ વાત ખરી નથી કે રૂા.૩ લાખના ધીરાણ સામે અમોએ માત્ર રૂા. ૨ લાખ ૫૫ હજારની જ રકમ આપેલી. એ વાત

ખરી નથી કે આરોપીએ આજ દીન સુધી મને રૂા. ૮૦ હજાર સુધીનુ વ્યાજ ચુકવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી યુ.કો.બેંકના ચેક નં. ૦૦૦૦૦૮, ૦૦૦૦૧૭, ૦૦૦૦૦૯, ૦૦૦૦૨૩, ૦૦૦૦૨૪ નંબર વાળા ચેક સિકયુરીટી પેટે લીધેલા અને તે આજે પણ મારી પાસે છે.

એ વાત ખરી છે કે જુલાઈ ૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૮ સુધીમા મારી પાસે રૂા. ૫ લાખ રોકડા હતા તેવો કોઈ પુરાવો મે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે જુલાઈ ૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૮ સુધીમાં મારી પાસે રૂા.૫ લાખની રકમ ન હતી.

વધુ ઉલટતપાસમાં જણાવેલ છે કે મને એ હકીકત યાદ નથી કે સને ૨૦૧૦ થી સને ૨૦૨૩ ના સમયગાળા દરમ્યાન કેટલી વ્યકિતઓ સામે મે ચેક રીર્ટન ના કેસો દાખલ કરેલ છે. મે. જેટલા વ્યકિતઓ સામે ચેક રીર્ટનની ફરીયાદ કરેલી તે પૈકી મોટા ભાગની ફરીયાદોના નાણા મળી ગયેલ છે. મે વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૩ ના સમયગાળા દરમ્યાન કેટલુ નાણાકીય ધીરાણ કરેલ છે. તે મને હાલ યાદ નથી. હુ તે રકમ આશરે પણ કહી શકુ નહીં. હું મારૂ રેકર્ડ તપાસી કોઈને પુછપરછ કરીને પણ તે અંગેની હકીકત જણાવી શકુ નહીં.

એ વાત સાચી છે કે સપ્ટેમ્બર ૨૦૧૮ થી નવેમ્બર ૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન મારસ પાસે રૂા.૫,૦૦,૦૦૦/- ની રકમ હતી તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મે મારી ફરીયાદ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી પાસે નાણા ધીરાણ કરવાનું કોઈ લાયસન્સ નથી. મે આરોપી મનોજકુમાર બચુભાઈ રામી પાસેથી એક પોમીસરી નોટ રૂા. ૪૦,૦૦૦/- ની લીધેલ છે. તે હકીકત સાચી છે. એ વાત સાચી છે કે રમેશભાઈ ગોરધનભાઈ કડીયાઓ પાસેથી મે. રૂા. ૧,૫૦,૦૦૦/- ની પ્રોમીસરી નોટ લીધેલ છે. એ વાત ખરી છે કે સનતભાઈ બુધ્ધિસાગર પંચાલ પાસેથી રૂા. ૫,૦૦,૦૦૦/- નુ બાંહેધરી અંગેનુ લખાત લીધેલ છે. એ વાત ખરી છે કે વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન મે આશરે રૂા. ૧૨,૦૦,૦૦૦/- નું નાણાકીય ધીરાણ કરેલ છે. એ વાત ખરી છે કે મે તમામ

ધીરાણ રોકડેથી કરેલ છે. એ વાત ખરી છે કે મે જે કોઇ વ્યકિતઓને નાણાકીય ધીરાણ કરેલ છે તે અંગેનુ આવકવેરા વિભાગનું રીટર્ન ફાઇલ કરેલ નથી.

એ વાત ખરી છે કે મે સુચિત વિક્રમભાઇ શાહ અને સચિન સાગરભાઇ શાહ સામે ચેક રીટર્ન ની ફરીયાદ દાખલ કરેલી. તે હકીકત મને યાદ નથી કે સુચિત શાહ અને સચિન શાહ પાસેથી પ્રોમીસરી નોટો લખાવી લીધેલ છે. એ વાત ખરી નથી કે મે જે કોઇ વ્યકિતઓને નાણાકીય ધીરાણ કરેલ છે તેઓ પાસેથી માસીક ૫ ટકા થી ૧૫ ટકા સુધી બવ્યાજ લઇએ છીએ. એ વાત ખરી નથી કે અમે આરોપીને જે રકમનું ધીરાણ કરેલુ તેનાથી વધુ રકમની માંગણી કરેલી. આરોપીએ આ ચેકનો સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે. એ વાત ખરી છે કે આંક–૨૬ જોઇને કહુ છુ કે આરોપીએ આ ચેકનું પેમેન્ટ સ્ટોપ કરાવેલુ છે. એ વાત ખરી નથી કે આરોપી પાસે મારૂ કોઇ કાયદેસરનુ લેણુ નથી. એ વાત ખરી નથી કે મે આરોપીને જેટલુ ધીરાણ કરેલ તેટલી રકમ આરોપીને ચુકવેલ નથી. એ વાત ખરી છે કે અમો ફરીયાદી અમારા પત્ની દીપીકાબેન તથા વીમલભાઇ વિરૂધ્ધ મની લોન્ડરીંગ એકટ હેઠળની પોલીસ રૂબરૂ અરજી કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી સામે આ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે હું સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

૧૬) આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય તે આધારે કાયદેસરનુ અનુમાન ફરીયાદીની તરફેણમા ઉત્પન્ન થાય છે અને તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને આ ખંડન લગત પુરાવો પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી ના સિધ્ધાંત મુજબનો આપવનો રહે છે. જયારે ફરીયાદીના કેસ સામે આરોપી વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે.

(૧૭) હાલના કામે ફરીયાદીની સમગ્ર ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદી દવારા તેઓ નાણા ધીરધારનો લાયસન્સ ધરાવતા ન હોવાનુ કબુલ રાખેલ છે વળી તેઓએ સને ૨૦૧૦ થી ૨૦૨૩ દરમ્યાન અલગ અલગ વ્યકિતઓ સામે ચેક રીટર્નના કેસ દાખલ કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. વધુમાં ફરીયાદીએ સપ્ટેમ્બર ૨૦૧૮ થી નવેમ્બર ૨૦૧૮ સુધીના સમયગાળામાં તેમની પાસે રૂા. ૫,૦૦,૦૦૦/– ની રકમ હતી તે દર્શાવતો કોઈ પુરાવો તેમની પાસે ન હોવાનુ કબુલ રાખેલ છે. વધુમાં ફરીયાદીએ અન્ય આરોપીઓ પાસેથી પણ પ્રોમીસરી નોટ લીધી હોઈ તે બાબત કબુલ રાખેલ છે. અને તેઓએ વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન રૂા. ૧૨,૦૦,૦૦૦/– નુ રોકડથી ધીરાણ કરેલ હોઈ અને આ અંગેનુ આવકવેરા વિભાગનુ રીટર્ન પણ ફાઈલ ન કરેલ હોવાનુ કબુલ રાખેલ છે.

(૧૮) ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં તેઓ ટ્રાન્સપોર્ટ અને રીજેકટેડ માલનો ઓકશન હોઈ ત્યાં માલ ખરીદી કરતા હોવાનુ અને ત્રણ દુકાન ભાડે આપેલાનો ધંધો કરતા હોવાનુ જણાવેલ છે. વધુમાં તેઓએ ધંધો શરૂ કર્યો ત્યારથી જય અંબે ટેંડીંગના નામે કે પોતાના નામે આવકવેરા રીટર્ન ભરેલ ન હોવાનુ કબુલ રાખેલ છે.

(૧૯) વધુમાં ફરીયાદીએ તેઓ છેલ્લા પાંચ છ વર્ષ થી ફોજદારી કેસો બાબતે કોર્ટમાં આવતા હોવાનુ કબુલ રાખેલ છે અને અમદાવાદ કોર્ટમાં પણ નેગો.ઈન્સ્ટ્રુ.એકટની ફરીયાદો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. વધુમાં આરોપીને તેઓએ ચાર પાંચ ટુકડામાં નાણા આપેલા અને પ્રોમીસરી નોટ બધા ટુકડા પતી ગયા પછી લખાવેલી તેમ કબુલ રાખેલ છે વળી છેલ્લા ટુકડા અગાઉના ટુકડાઓ આપતી વખતે આરોપીની પ્રોમીસરી નોટમાં સહી કરાવેલ નહીં તેવુ કબુલ રાખેલ છે. આમ આરોપી દવારા ફરીયાદીને જાતે પ્રોમીસરી નોટ આપી હોઈ તે બાબત ફરીયાદીની ઉલટતપાસ આધારે જ શંકાસ્પદ બની જાય છે તેમ અમારૂ માનવુ છે.

(૨૦) આમ સદર કામે ફરીયાદીની ઉલટ તપાસ જોતા ફરીયાદીએ તેઓ ધીરાણનું લાયસન્સ ધરાવતા ન હોવાનુ કબુલ રાખેલ છે અને એકાઉન્ટ ના દસ્તાવેજો પણ પાસબુક સહીત રજુ કરવા તેઓ તેમને તક મળી હોવા છતાં આવા કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી

તે હકીકત જોતા જ ફરીયાદી દવારા આરોપીએ રજુ કરેલ ખંડનાત્મક બચાવને લગત પુરાવો રજુ કરેલ નથી જે હકીકત જોતા આરોપી તરફે રજુ ચુકાદાઓ અને ઉપર રીફર કરવામાં આવેલ અન્ય ચુકાદાઓના સારાંશ મુજબ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન ખંડીત કરવા આરોપીએ તેનુ પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર લાવવાનો હોય છે અને ફરીયાદીએ આ બચાવને ખંડીત કરવાનો પુરાવો લાવવો જરૂરી બની જાય છે. હાલના કામે ફરીયાદી દવારા તેમની પત્નીના ખાતામાંથી રકમ ઉપાડી આરોપીને આપેલ હોઈ તેવો પુરાવો તેમને તક મળવા છતાં તેઓ રજુ કરતા નથી અને પોતે કાયદાકીય રીતે ધીરાણ આપવા માટે પરવાનગી ધરાવતા ન હોવા છતાં ગેરકાદે ધીરાણ કરતા હોય તેવી હકીકતો તેમની ઉલટતપાસ આધારે જ માની શકાય તેવુ રેકર્ડ પર ફલીત થાય છે અને જયારે આરોપીએ ફરીયાદી પાસે રૂા. ૩,૦૦,૦૦૦/– તા. ૧૦/૧૦/૧૮ તથા તા.૨૦/૧૦/૧૯ તથા તા.૨૭/૧૦/૧૮ ના રોજ લીધા હોવાનુ જણાવેલ હોય તે સંજોગોમાં ફરીયાદી બેંક પાસબુક રજુ કરી આરોપીના આ બચાવને ખંડીત કરી શકયા હોત પરંતુ ફરીયાદીએ આવો મહત્વનો પુરાવો રજુ કરેલ નથી અને તે હકીકત જોતા ખરેખર હાલનો ચેક આરોપીએ કાયદેસરના લેણાની ચુકવણી પેટે આપેલ હોય તે બાબત શંકાસ્પદ બની જાય છે તેમ ઉપર રજુ કરેલ ચુકાદાઓના પ્રસ્થાપિત સિધ્ધાંતો આધારે અમારૂ માનવુ છે.

(૨૧) સદર કામે ફરીયાદી દવારા જે વ્યકિતઓ સામે નેગો.ઈન્સ્ટુ.એકટના કેસો કરેલા તે કેસોની યાદી તેઓએ હાલના કામે રજુ કરેલ છે. આ સિવાય ફરીયાદીની રજુઆત મુજબ ફરીયાદમાં તેમ જણાવેલ છે કે તા.૧૪/૦૯/૧૮ થી તા.૧૬/૧૦/૧૮ સુધીમાં ફરીયાદીએ આરોપીને ફરીયાદીની પત્ની અને પોતાના બેંકમાંથી રકમ ઉપાડીને રૂા. ૪,૨૦,૦૦૦/– આપેલા હતા જે રકમ ફરીયાદીની રજુઆત મુજબ જ જયારે બેંકમાંથી ઉપાડવામાં આવી હોઈ ત્યારે આરોપીને ઉલટતપાસ આધારે ફરીયાદી દવારા રકમ પેટે કુલ રૂા. ૨,૫૫,૦૦૦/– ચુકવેલ હોવાનું જણાવેલ હોઈ અને આરોપીએ રૂા. ૮૦,૦૦૦/– સુધીનું વ્યાજ પણ ચુકવેલ હોવાનો બચાવ લીધેલ હોઈ તે હકીકત જોતા આરોપીનો પ્રોબેબલ ડીફેન્સ

રેકર્ડ પર આવેલ છે તેમ માનવાને કારણ જણાય છે અને આ સંજોગોમાં આરોપી તરફે રજુ થયેલ નામ.ગુજરાત હાઈકોર્ટના દિલાવરસિંહ મોડુભા ઝાલાના કેસ ના અવલોકનો આરોપીને મદદરૂપ થાય છે તેમ અમારૂ માનવુ છે અને ફરીયાદી આરોપીએ ઉભા કરેલ બચાવ સામે તેમના પુરાવા આધારે આ બચાવનું ખંડન થયેલ માની શકાય તેવો પુરાવો કે જે બેંક ખાતામાં ઉપલબ્ધ હોવા છતાં અને ફરીયાદીના કેસ મુજબ જ તેમના ખાતામાંથી રકમ ઉપાડી હોઈ તેમ જણાવતા હોઈ ત્યારે આ પ્રકારનો પુરાવો આરોપીના બચાવના ખંડનમાં ફરીયાદીએ રજુ કરવો અનિવાર્ય બની ગયેલ છે પરંતુ ફરીયાદી આવો પુરાવો રજુ કરી શકેલ નથી તે સંજોગોમાં ફરીયાદી તેમની નાણાકીય સધ્ધરતા બાબતે પુરાવો રજુ કરી શકેલ નથી તે આધારે પણ આરોપીને નામ.સુપ્રીમ કોર્ટના વસલીંગપ્પા વિરૂધ્ધ મુદીબસપ્પા ના કેસના અવલોકનો મુજબ પણ ફરીયાદીનો કેસ વાજબી શંકાથી પર પુરવાર થતો નથી તેવુ માનવા લાયક હકીકતો રેકર્ડ પર આવેલ છે તેમ અમારૂ માનવુ છે અને આમ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષનો કેસ શંકા થી પર રીતે પુરવાર થતો નથી તેમ માનવાને કારણ રહેતુ હોઈ તેમ ઠરાવી મુદદા નં.૧ નકારમાં ઠરાવવામાં આવે છે અને ફોજદારી જયુરીસ્પૃડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ હંમેશા આરોપીને આપવાનો રહેતો હોઈ તે મુજબ મુદદા નં.૨ લગત આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: ***આખરી હુકમ :***:-

૧).. ફોજદારી કેસ નંબર ૩૫૧૮/૨૦૧૯ ના કામના આરોપી સંદીપ સોહનલાલ બુર રહે.૧૧૩૨, ચંદનવિલા, સત્યનારાયણ સોસાયટી, રામનગર, સાબરમતી,અમદાવાદનાઓને **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮** મુજબના સજાને પાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨).. સદર કામના આરોપીએ નવી સુધારેલ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસના સમયગાળા માટે રૂા.૧૦,૦૦૦/– સધ્ધર જામીન અને જાતમુચરકા આપવાના રહેશે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૪ મી, માહે :મે સને : ૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૪/૦૫/૨૦૨૪.
સ્થળ : ગાંધીનગર

(ચિરાગ કાળીદાસ પીપલીયા)
ચોથા એડી. ચીફ જયુડી. મેજી.,ગાંધીનગર.
U.I.C. NO. GJ00994